ક્રમાંકઃબીજેમેકો/ડેવ.સોસાયટી/ 877-987/૨૦૧૭
ડીનશ્રીની કચેરી,
બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી,
અમદાવાદ
તા. ૨૮ /૭/૧૭

કચેરી આદેશ :

વિષય :– BJITE'S Sensoria Magazine માટે લવાજમના દર નિયત કરવા બાબત.
સંદર્ભ :– અત્રેની ડેવલોપમેન્ટ સોસાયટીના આદેશ ક્રમાંકઃબીજેમેકો/ડેવ.સોસાયટી/ ૪૫૧–૬૫૮/૨૦૧૭, તા.૨૯/૪/૧૭

અત્રેની બી.જે.મેડીકલ કોલેજના શૈક્ષણિકગણ, નિવાસી ડોકટરો અને તબીબી વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક કાર્યક્ષમતાને બહાર લાવવા માટે BJITE'S Sensoria Magazine નામનું મેગેઝીન અત્રેની ડેવલોપમેન્ટ સોસાયટી મારફતે દર ચાર માસે પ્રસિધ્ધ કરવાનું નકકી કરવામાં આવેલ હતું. જે અંગે ગુજરાત રાજ્યના કોઈપણ શૈક્ષણિકગણ, નિવાસી ડોકટરો અને તબીબી વિદ્યાર્થી કે અન્ય પેરામેડીકલ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ મારફતે માંગણી કરવામાં આવે તો આ અંગેના મેગેઝીનના લવાજમના દર નીચે મુજબ તદન કામચલાઉ અને એડહોક ધોરણે નિયત કરવાના આદેશ સંદર્ભ હેઠળથી કરવામાં આવેલ હતા.

| પરિશિષ્ટ–૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | લવાજમના દર ( પોસ્ટેજ ખર્ચ સહિત ) | | | | | |
| | | ઈસ્યુદીઠ | વાર્ષિક | બે વર્ષ | ત્રણ વર્ષ | પાંચ વર્ષ | આજીવન |
| ૧ | ગુજરાત રાજયના તબીબી શિક્ષણ અને આરોગ્ય વિભાગ સંલગ્ન તમામ તજજ્ઞ / પી.જી. વિદ્યાર્થીઓ માટે | રૂ.૧૦૦/– | રૂ. ૨૦૦/– | રૂ.૩૫૦/– | રૂ.૫૦૦/– | રૂ.૮૦૦/– | રૂ.૨૦૦૦/– |
| ૨ | મેડીકલ/ડેન્ટલ/ નર્સિંગ/ ફિઝીયોથેરાપી અને ઓર્થોટીકસ અભ્યાસક્રમના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે | રૂ.૫૦/– | રૂ. ૧૫૦/– | રૂ.૩૦૦/– | રૂ.૪૦૦/– | રૂ.૭૦૦/– | રૂ.૧૫૦૦/– |

પરંતુ BJITE'S Sensoria ની કોર કમિટીના માર્ગદર્શન મુજબ પ્રસ્તુત મેગેઝીન અંગેની કામગીરી કરતા તબીબી વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસ બગડે નહી અને અભ્યાસની સાથે સાથે સેટ થાય તે રીતે હવેથી દર છ માસે BJITE'S Sensoria Magazine પ્રસિધ્ધ કરવાનું નકકી કરવામાં આવે છે.

આ ઉપરાંત ઉપરોકત મેગેઝીન માટેના પરિશિષ્ટ–૧ મુજબ નિયત થયેલ એડહોક દરને વહીવટી સરળતા ખાતર નીચેના પરિશિષ્ટ–૨ મુજબ આંશિક ફેરફાર કરી તદન એડહોક ધોરણે ફરીથી દર નિયત કરવામાં આવે છે. જે મુજબ ઉપરોકત મેગેઝીનના દર ભરપાઈ કરવાના રહેશે. જે મુજબ હવેથી પરિશિષ્ટ–૨ મુજબના લવાજમના દર હાલના તબકકે એડહોક ધોરણે અમલમાં રહેશે.

| પરિશિષ્ટ–૨ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | લવાજમના દર ( પોસ્ટેજ ખર્ચ સહિત ) | | | | | |
| | | ઈસ્યુદીઠ | વાર્ષિક | બે વર્ષ | ત્રણ વર્ષ | પાંચ વર્ષ | આજીવન |
| ૧ | ગુજરાત રાજયના તબીબી શિક્ષણ અને આરોગ્ય વિભાગ સંલગ્ન તમામ તજજ્ઞ / પી.જી. વિદ્યાર્થીઓ માટે | રૂ.૧૦૦/– | રૂ. ૧૫૦/– | રૂ.૩૦૦/– | રૂ.૪૫૦/– | રૂ.૮૦૦/– | રૂ.૨૦૦૦/– |
| ૨ | મેડીકલ/ડેન્ટલ/ નર્સિંગ/ ફિઝીયોથેરાપી અને ઓર્થોટીકસ અભ્યાસક્રમના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે | રૂ.૫૦/– | રૂ. ૧૦૦/– | રૂ.૧૫૦/– | રૂ.૨૫૦/– | રૂ.૪૦૦/– | રૂ.૧૫૦૦/– |

પ્રસ્તુત મેગેઝીનના પરિશિષ્ટ–૨ મુજબ નિયત થયેલ લવાજમના દર અત્રેની બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી ખાતે જમા કરાવવાની રહેશે. જે અંગેની પહોંચ મેળવ્યા બાદ મેગેઝીનને મેળવી શકાશે.

આ અંગેની વધુ માહિતી તેમજ કાર્યવાહી માટે વેબસાઈટ www.bjmc.org ઉપર ઉપલબ્ધ છે.

ખાસ નોંધ :–

ઉપરોક્ત **BJITE'S Sensoria Magazine** માટેના પરિશિષ્ટ–૨ મુજબ નિયત થયેલ લવાજમના દર સરકારશ્રી/ડેવલોપમેન્ટ સોસાયટીની કમિટી મારફતે વખતો વખતની સુચનાઓ/શરતોને આધિન રહેશે.

મેમ્બર સેક્રેટરી
બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી
અને ડીન, બી.જે. મેડીકલ કોલેજક, અમદાવાદ

નકલ રવાના :–

(૧) ડીનશ્રી, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ સારું.
(૨) પ્રાધ્યાપક અને વડાશ્રી, તમામ શૈક્ષણિક વિભાગ, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ તથા આપના તાબા હેઠળના શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓને ધ્યાને લાવવા ઘટતી કાર્યવાહી સારું.
(૩) વહીવટી અધિકારીશ્રી, (વહીવટી અને હિસાબી) બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ સારું.
(૪) ગ્રંથપાલશ્રી, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારું.
(૫) ડીનશ્રી/નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ શૈક્ષણિક સંસ્થા, ગુજરાત રાજય તરફ જાણ તથા આપના તાબા હેઠળના શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓને ધ્યાને લાવવા ઘટતી કાર્યવાહી સારું.
(૬) કચેરી નોટીસ બોર્ડ/કચેરી આદેશ ફાઈલ
(૭) કોલેજ વેબસાઈટ વિભાગ, બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ તથા સદર આદેશને વેબસાઈટ ઉપર બહોળી પ્રસિધ્ધિ માટે મેઈન પેજ ઉપર મુકવા સારું.

નકલ રવાનાઃ–

(૧) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક–૭, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર
(૨) અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર